ક્રમાંક :મા.વિ.૩/BAPS/૨૦૧૮/૬૩૯૦૫

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
બનાસકાંઠા,પાલનપુર
તા.૨૪/૦૯/૨૦૧૮

પ્રતિ,

આચાર્યશ્રી,

ગ્રાન્ટેડ,નોન-ગ્રાન્ટેડ,સરકારી,

તમામ મા. અને ઉ.મા. શાળાઓ બનાસકાંઠા જિલ્લો

**વિષય :- 'ચાલો બનીએ..આદર્શ બાળક' અંતર્ગત એક દિવસીય તાલીમ વર્ગમાં ઉપસ્થિત રહેવા બાબત.**

**સંદર્ભ :- શ્રી સ્વામિનારાયણ મંદિર બનાસકાંઠાનો તા. ૧૮/૦૯/૨૦૧૮ નો પત્ર.**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, આજનો બાળક સાચા અર્થમાં આદર્શ વિદ્યાર્થી બને, શિક્ષણની સાથે રાષ્ટ્રીય અસ્મિતા, સદાચારી, સંસ્કાર, સ્વાસ્થ્યયુકત તેમજ વ્યસન મુક્ત બને તેવા શુભ આશયથી BAPS શ્રી સ્વામિનારાયણ સંસ્થા તરફથી "ચાલો બનીએ આદર્શ બાળક" થીમ ઉપર શાળા કક્ષાએ મૂલ્ય ઘડતરનો કાર્યક્રમ શરૂ થાય એ માટે તા.૧૧/૦૯/૨૦૧૮ ના રોજ ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબના અધ્યક્ષસ્થાને ભવ્ય શિક્ષણ સંમેલનનું આયોજન થયેલ.

આ બાબતે શિક્ષકો તથા સમાજ જાગૃત બને, બાળકોમાં સુટેવોનું ઘડતર થાય તે માટે BAPS શ્રી સ્વામિનારાયણ સંસ્થા તરફથી ઓડીયો-વીડીયો DVD દ્વારા શાળા કક્ષાએ નિદર્શન માટે દરમાસે નિ:શુલ્ક DVD નું વિતરણ થશે.

આ કાર્યક્રમને શાળા કક્ષાએ સફળ બનાવવા દરેક શાળામાંથી એક ઉત્સાહિત શિક્ષકને સંસ્થા તરફથી નિ:શુલ્ક તાલીમ આપવામાં આવનાર છે જેમાં નીચેની વિગતે હાજર રહેવા સુચના આપવી.

તારીખ : ૨૭/૦૯/૨૦૧૮
સમય : ૧૨:૦૦ થી ૧૬:૦૦ સુધી
સ્થળ : અક્ષતમ-૫ રેસીડેન્સી, ડીસન્ટ હોટલની પાછળ ડીસા-પાલનપુર હાઈવે, ડીસા

**નોંધ:-**

**(૧)ઉપસ્થિત તમામે ૧૧:૦૦ થી ૧૨:૦૦ વચ્ચે ભોજન પ્રસાદ લઈ સભામંડપમાં જગ્યા લેવી.**
**(૨)પોતાની શાળાના ડાયસ કોડ નંબર અને વર્ગવાર સંખ્યાના પત્રક સાથે હાજર રહેવું.**
**(૩)તાલીમમાં નોંધ કરવા ડાયરી સાથે લઈને આવવું.**

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર